(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903]. Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૪૯૩/૨૦૧૦**
**આંક:– ૩૬**
**શરૂ–૧૨:૧૯, પુર્ણ– ૧૨:૨૫**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.*        )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– ચુનીભાઈ | પિતા/પતિનું નામ:– જેઠાભાઈ પરમાર |
| | ઉ.વ.:– ૬૭ |
| ધંધો:– મજુરી | સરનામુ:– સિધ્ધી વિનાયક સોસાયટી, હળવદ, તા.હળવદ જી.મોરબી. |

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

(૧) મારે સંતાનમા બે દિકરા અને એક દિકરી છે. મારા દિકરા પ્રકાશના લગ્ન થયેલ ન હતા જેથી તેના માટે અમે દિકરીની શોધમા હતા ત્યારે મનીષ પ્રશાંતભાઈ રાવલ અમારી પડોશમા રહેતો હોય જેથી તેઓએ અમોને કહેલ કે પ્રકાશ માટે મારા ધ્યાનમા એક દિકરી છે જો પ્રકાશની સગાઈ કરવી હોય તો વાત આગળ ચલાવુ, જેથી અમોએ હા કહેતા મનીષભાઈએ સીધ્ધપુર ગામે રહેતા મંજુલાબેનની દિકરી નીલમ સાથે સગાઈ કરવાની વાત કરેલ અને આ વાત આગળ ચાલતા સગાઈ કરવાનુ નકકી થયેલ અને ત્યારબાદ લગ્ન કરવાનુ નકકી કરેલ અને લગ્ન પેટે રૂા.૯૧,૦૦૦/– અમોએ દિકરીવાળાને આપેલા. ત્યારબાદ મારા દિકરાના લગ્ન થયેલ નહી અને અમોએ કેસ કરેલો. બીજુ કાંઈ બનાવ બાબતે જાણતો નથી. બનાવ અંગે મે હળવદ પો.સ્ટે.મા પોલીસ ફરીયાદ આપેલી. મને ફોજદારી કેસ નં.૨૭/૨૦૧૦મા રજુ કરેલ આંક–૭૪વાળી ફરીયાદ બતાવવામા

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખુ છુ જે રજુ દાખલ **આંક–૩૭.** મનીષભાઈ અમારી પડોશમા રહેતા હોય જેથી તેઓને ઓળખુ છુ.

હોસ્ટાઈલ:

સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો ન હોય, એ.પી.પી.શ્રીની મૌખીક વીનંતીથી સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી આપી.

(૨) એ વાત ખરી નથી કે તા.૨૨/૦૭/૨૦૦૯ના રોજની મારી પોલીસ ફરીયાદમા મે એવી હકીકત લખાવેલ હતી કે મનીષભાઈ ઉર્ફે મુનો પ્રશાંતભાઈ રાવલ તથા નીલમબેન કાંતીલાલ ચાવડા તથા મંજુલાબેન કાંતીલાલ ચાવડા તથા અમૃતભાઈ ગોવિંદભાઈ રબારી તથા ઈશ્વરભાઈ રબારી તથા નથુભાઈ ભુવા તથા માનાભાઈ રબારીએ અમો ફરીયાદીના દિકરા પ્રકાશના લગ્ન કરાવી આપવાની વાત કરી સગાઈ કરાવી અમારી પાસેથી અલગ અલગ જગ્યાએ રોકડા રૂા.૯૧,૦૦૦/– લઈ જઈ મારા દિકરા પ્રકાશના લગ્ન નહી કરાવી આપી અમારી સાથે ઠગાઈ તથા છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરેલ. એ વાત ખરી નથી કે અમારે આરોપીઓ સાથે મનમેળ થઈ ગયેલ હોય આરોપીઓને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

આરોપીઓ તર્ફે સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ કાર્યવાહી કરેલ હોય ઉલટ તપાસ નથી.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૩૦/૦૩/૨૦૨૬.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*